**ડાંગર સંશોધન કેન્દ્ર,**
**આણંદ કૃષિ યુનિવર્સિટી**
**ડભોઇ – ૩૯૧ ૧૧૦, જી. (વડોદરા)**

**<u>ડાંગર સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ, ડભોઈ ખાતે ખેડૂત શિબિર તેમજ પાક પરિસંવાદ યોજાયો.</u>**

ડાંગર સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, ડભોઈ ખાતે કાર્યરત સરદાર સરોવર પ્રોજેક્ટ યોજના અંતર્ગત તા. ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ ખેડૂત શિબિરનું આયોજન કરવામાં આવ્યું. જેમા કુલ ૩૮ જેટલા ખેડૂત ભાઈઓએ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં ડૉ. વી. એન. રૈયાણી, રીસર્ચ એસોસીએટ દ્વારા કાર્યક્રમમાં આમંત્રિત સર્વેનું હાર્દિક સ્વાગત કર્યું હતું. ત્યાર બાદ અધીકારીશ્રી તેમજ કર્મચારી અને ખેડૂત ભાઇઓ દ્વારા દિપ પ્રાગત્ય કરી કાર્યક્રમની શરુઆત કરવામા આવી.

અત્રેની કચેરીના વડાશ્રી ડૉ. એ. જી. પંપાણીયા સાહેબ દ્વારા વર્ષ ૨૦૨૧ માં બહાર પાડેલ મગ ની નવી જાત જી. એ. એમ-૮ (હરામોતી) તેમજ અડ્દની જાત જી. એ. યુ. -૪ (શ્યામલ) ના બીયારણ ખેડૂત ભાઇઓને વહેચવામા આવ્યા. વધુમા તેમના દ્વારા મગ તેમજ અડ્દની ખેતી પદ્ધતી વિશે વિસ્તુત્ મા માહિતી આપવામા આવી અને તેની વાવેતર પદ્ધ્તી વિશે જાણકારી આપી. વડાશ્રીએ નેચરલ ફાર્મીંગ વિશે માહીતી આપી ખેડૂત ભાઇઓ ને તેઆ વિશે અવગત કરાવવામા આવ્યા.

કચેરીના ખેતી અધીકારીશ્રી ડૉ. એસ. વી. મહિડા સાહેબે ખેતી ખર્ચ ઘટાડ્વા તેમજ ખેતીમા નવીન પદ્ધતી અપનાવી વધુ ઉત્પાદન મેળવવા સારુ સમજણ આપી તેમજ બાગાયતી પાકોની અને તેમના ધરુ મેળવવા માટે ની સમજૂતી આપી. વધુમા તેઓએ યુનીવર્શીતિ મા ચાલતા કૃશી સંલગ્ન અભ્યાસક્રમો અંગેની માહીતી આપી.

સરદાર સરોવર પ્રોજેક્ટ અંતર્ગત કાર્યરત સિનિયર રિસર્ચ ફેલો, ડૉ. વિપુલ એન. રૈયાણી સાહેબે ખેડૂતોને મગ અને અડ્દમા ખાતર તેમજ પાક સંરક્સન અંગે ની વિસ્તુત જાણકારી આપી. ડાંગરની આધુનિક ખેતી પધ્ધતિ વિશે સમજણ આપી હતી. તથા ડાંગરના પાકમાં ખાતર, પાણીના વ્યવસ્થાપન વીશે માહીતિ આપી હતી તેમજ સોઇલ ટેસ્ટીંગ વિશે વિગતવાર માહીતી આપી અને તેના દ્વારા ખાતર ની બચત થાય તે વિશે માહીતી આપી હતી.


" ખેડૂત શિબિર "


" ખેડૂત શિબિર "


" ખેડૂત શિબિર "



